૨૬, ડિસેમ્બર ૨૦૨૨

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજયના નાણામંત્રીશ્રીને GST અંગેના સુચનો રજુ કરવામાં આવેલ...

જયારથી GST કાયદાનું અમલ થયું છે ત્યારથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર–ઉદ્યોગકારોને GST અંતર્ગત પડતી મુશ્કેલીઓ અને તેના નિરાકરણ લાવવા માટે કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ રજુઆતો કરવામાં આવેલ છે અને મહદઅંશે ઘણા પ્રશ્નોનો ઉકેલ પણ આવેલ છે. ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજયના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સમક્ષ GST અંગેના વિવિધ સુચનો ધ્યાને મુકી યોગ્ય નિરાકરણ લાવવા રજુઆત કરાયેલ છે.

(૧) સમગ્ર GST પ્રક્રિયામાં ઘણા બધા વેચનાર અને લેનાર સંકળાયેલ હોય છે. આ સમગ્ર પ્રક્રિયામાં વચ્ચેના કોઈ તબકકે કોઈ જાતની ગેર રીતી આચરવામા આવે તો છેલ્લો વ્યવહાર કરનાર વ્યકિતએ ભોગ બનવું પડે છે કે જેને નિયમોનુસાર મળવાપાત્ર ITC મેળવેલ હોવા છતા તેને રીવર્સ કરવાની ફરજ પાડવામાં આવે છે. પ્રક્રિયામાં દર્શાવેલ સદર ક્ષતીના નિવારણ અર્થે ટેક્ષ પેયર દ્વારા કેવા સલામતીભર્યા પગલા લેવા જરૂરી છે તે સબબ રજુઆત કરવામાં આવે છે. GST એકટમાં ટેક્ષ પેયરની સલામતી માટે યોગ્ય અને ચુસ્ત પ્રાવધાન કરવા જરૂરી છે.

(૨) રીટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ રવિવાર આવતો હોય તો એક દિવસનો વધારો આપવો. તેમજ કોઈપણ ITC 2A માં ચેક કર્યા પછી ક્રેડીટ લીધેલ હોય અને જો સામે વાળી પાર્ટીનો જીએસટી નંબર જુની તારીખથી રદ થાય તો ક્રેડીટ લેનાર ભરવાપાત્ર થવો ન જોઈએ અને સરકારે રદ થયેલ જીએસટી નંબરવાળી પાર્ટી પાસેથી ઉઘરાણું કરવું જોઈએ.

(૩) ITC પ્રાપ્તી તથા અન્ય નિયમો મુજબ ફાઈલ કરવાપાત્ર GSTR-1 ની પ્રવર્તમાન મર્યાદા જે તે માસની ૧૧ મી તારીખ નકિક કરવામાં આવે છે. સરકારશ્રીને કોઈ નાણાંકીય નુકશાન જતું ન હોવાને કારણે સદર તારીખ ૧૧ ને બદલે ૧૯ રાખવી.

(૪) વેચાણકર્તા દ્વારા કરવામાં આવેલ કોઈ વ્યવહાર મીસમેચ થતો હોય તો તેને દુર કરવા ૯૦ દિવસનો સમય આપવો.

(૫) GST પ્રક્રિયાના પ્રારંભીક પાંચ માસ દરમ્યાન ઘણી ભુલો જોવા મળેલ. સમગ્ર પ્રક્રિયામાં જરૂરી સુધારા દાખવી બીન જરૂરી નોટીસ પાઠવવાની પ્રથા અટકાવવી.

(૬) રદ કરાયેલ રજીસ્ટ્રેશન નંબર રીટર્ન ફાઈલ થયે સ્વંય ચાલુ થવા જોઈએ.

(૭) GSTR-10 રીટર્ન ફાઈલમાં વસુલાતી લેઈટ ફીમાં ઘટાડો કરવો.

(૮) GSTR-9 વધારે સરળ બને ઉપયોગી બનાવવું.

(૯) ITC પ્રાપ્તી અર્થે સેકશન ૧૬(૪) માં વધારે રાહત આપવી.

(૧૦) E-Invoice જનરેટ થયા બાદ GEPP પોર્ટલ ઉપર ૩ દિવસ બાદ જોવા મળે છે. પરંતુ તે સમયે ઈન્વોઈસની પ્રિન્ટ મળતી નથી. આ ટેકનીકલ ક્ષતી દુર કરવી.

(૧૧) GST રજીસ્ટ્રેશન માટેની અરજી અંગે યોગ્ય SOP જારી કરવો.

(૧૨) જોખમી નિકાસકારોને ટેગ કરવાની પ્રથા સુધારીને વાસ્તવીક ગુનેગારો સામે કાર્યવાહી થવી જોઈએ. તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની અખબારી યાદીમાં જણાવેલ. છે.